
# પ્રાચીન સ્તવનાવલી

## ૨

## શ્રી અજીતનાથ ભગવાન





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુ:ખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુ:ખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૨

## શ્રી અજિતનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

D - 1

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| આવ્યા વિજય વિમાનથી | શ્રી વીરવિજયજી | ૧ |
| સુદિ વૈશાખની તેરશે | શ્રી જ્ઞાનવિમલજી | ૧ |
| અજીતનાથ પ્રભુ અવતર્યા | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| પ્રીતલડી બંધાણી રે અજિત | શ્રી મોહનવિજયજી | ૨ |
| પંથડો નિહાળું રે બીજા | શ્રી આનંદઘનજી | ૪ |
| અજિતજિણંદશ્યું પ્રીતડી, | શ્રી યશોવિજયજી | ૫ |
| વિજયા-નંદન ગુણનીલોજી | શ્રી યશોવિજયજી | ૬ |
| અજિત-જિણંદ જુહારિયેં | શ્રી યશોવિજયજી | ૬ |
| અજિતજિન ! ઓળગ માહરી | શ્રી ભાણવિજયજી | ૭ |
| અજિત સયાને સજની | શ્રી આનંદવર્ધનજી | ૮ |
| અજિતદેવ જિતકામ પ્રભુ સિદ્ધ | શ્રી લક્ષ્મીવિમલવિજયજી | ૮ |
| અજિત-જિણેસર ! ચરણની | શ્રી માનવિજયજી | ૯ |
| અજિત-જિણંદ ! દયા કરો | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૦ |
| શ્રી અજિત-જિણેસરરાય ભવિઅણ | શ્રી ભાવવિજયજી | ૧૧ |
| વિજય સમોપેં (સમર્પે) સુત | શ્રી વિનયવિજયજી | ૧૨ |
| અજિત જિણેસર સેવીયે | શ્રી નયવિજયજી | ૧૩ |
| અજિત-જિનેસર ! ઈકમના | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| અજિત-જિનકો ધ્યાન કર મન | શ્રી હરખચંદજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વિષયને વિસારી વિજયાનંદ | શ્રી ઉદયરત્નજી | ૧૫ |
| અજિત જિનેસર ! વાલ હાં રે | શ્રી જિનવિજયજી | ૧૬ |
| જીવડા ! વિષમ વિષયની હેવા | શ્રી જિનવિજયજી | ૧૬ |
| શુભ વેળા શુભ અવસરે રે | શ્રી હંસરત્નજી | ૧૭ |
| ઓળગ અજિત-જિણંદની | શ્રી મોહનવિજયજી | ૧૮ |
| અજિત-જિન અંતરજામી | શ્રી મોહનવિજયજી | ૧૯ |
| દીઠો નંદન વિજયાનો | શ્રી રામવિજયજી | ૨૦ |
| અજિતજિનેસર સાહિબા રે લો | શ્રી રામવિજયજી | ૨૧ |
| બીજા અજિત-જિણંદજી રે | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| વિજયાનંદન સાહિબ વંદો | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| અજિતજિણંદા સાહિબ | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| શ્રી અજિત-જિનેસર વંદિયેં | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| અજિતજિન ! તુમ-મુજ અંતરો | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| વિજયારો નંદન ચરણ સુરતરૂ | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૭ |
| અજિત જિણંદ ! અવધારીએ | શ્રી કીર્તિવિમલજી | ૨૮ |
| અજિત જિનેસર સાહિબાજી | શ્રી દાનવિમલજી | ૨૮ |
| શારદ સાર દયા કરી | શ્રી વિનીતવિજયજી | ૨૯ |
| તું ગત મેરી જાને, જિનજી-તું | શ્રી અમૃતવિજયજી | ૩૦ |
| વંદુ અજિતજિણંદ મૂરતિ | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| શ્રી અજિત અમિત ગુણધાર | શ્રી ભાણચંદજી | ૩૨ |
| શ્રી અજિત જિનેશ્વરદેવ માહરો | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| મહીમા મહિમા ગાજતો-રાજિંદ | શ્રી ચતુરવિજયજી | ૩૪ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| જ્ઞાનાદિક ગુણ સંપદા રે | શ્રી દેવચંદ્રજી | ૩૫ |
| અજિત જિનેસર આજથી | શ્રી જીવણવિજયજી | ૩૬ |
| અજિતનાથ જગનાયક ! આજ | શ્રી દાનવિજયજી | ૩૭ |
| જયકારી અજિત-જિનેશ | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| મુજ અજિત-જિનેસર મન વસ્યો | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| અજિત-જિણેસર ભેટિયો રે | શ્રી કનકવિજયજી | ૪૦ |
| સાહિબ અજિત-જિનેસર મન | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| વિજયા-નંદન મુઝનઇં વાહલો | શ્રી ભાવપ્રભુસૂરિજી | ૪૨ |
| અજિત-જિનેસર વાલ્હા ! હા | શ્રી રતનવિજયજી | ૪૩ |
| અજિત-જિણંદનઇ ઓલગું રે | શ્રી માણેકમુનિજી | ૪૪ |
| અજિતજિન ! તેરી રે બલિહારી | શ્રી દીપવિજયજી | ૪૫ |
| હિવ બીજઉ રે, અજિત | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| શુભ-ભાવે કરી સેવઇં રે | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| અજિત-જિન ! તુમ શું પ્રીતિ | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૪૮ |
| સુણ ત્રિભુવનકે રાય ! | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| અજિત-જિનેસર સેવીયેં | શ્રી જગજીવનજી | ૪૯ |
| સ્વામી અજિત-જિન સેવે ન કયું | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| અજિતદેવ મુજ વાલહા ! | શ્રી યશોવિજયજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| વિજયા સુત વંદો, | શ્રી પદ્મવિજયજી | ૫૨ |
| જબ ગરભે સ્વામી | શ્રી વીરવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ

નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોડર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી અજીતનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન૦

આવ્યા વિજય વિમાનથી, નયરી અયોધ્યા ઠામ;
માનવ ગણ રિખ રોહિણી, મુનિજનના વિશ્રામ....॥૧॥
અજિતનાથ વૃષભ રાશિએ, જન્મ્યા જગદાધાર;
યોનિ ભુજંગમ ભય હરૂ, મૌને વર્ષ તે બાર....॥૨॥
સપ્તપર્ણ તરુ હેઠલેએ, જ્ઞાન મહોત્સવ સાર;
એક સહસશ્યું શિવ વર્યા, **વીર** ધરે બહુ પ્યાર....॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન૦

સુદિ વૈશાખની તેરશે, ચવિયા વિજયંત;
મહાસુદિ આઠમે જનમિયા, બીજા શ્રી અજિત....॥૧॥
મહાસુદી નોમે મુનિ થયા, પોષ ઇગ્યારસ;
ઉજ્જલ ઉજ્જલ કેવલી, થયા અક્ષય કૃપા રસ....॥૨॥
ચૈત્ર શુક્લ પંચમી દિનેએ, પંચમ ગતિ લહ્યા જેહ;
ધીર વિમલ કવિરાજનો, **નય** પ્રણમે ધરી નેહ....॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન૦

અજીતનાથ પ્રભુ અવતર્યા વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી....।।૧।।
બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જેણે આય;
ગજ લંછન લંછન નહીં, પ્રણમે સુરરાય....।।૨।।
સાડા ચારસેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદ **પદ્મ** તસ પ્રણમીયે, જિમ લહીએ શિવ ગેહ....।।૩।।

# શ્રી અજીતનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(પ્રીતલડી બંધાણી રે)

**પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું,**
પ્રભુ પાખે ક્ષણ એક મનેં ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું;
જલદઘટા જિમ શિવસુત વાહન દાયજો. પ્રી.૧

નેહઘેલું મન મારું રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;

મારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુજઝ જો. પ્રી.૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરીને રહું,
બિરૂદ તમારૂં તરણતારણ જહાજ જો. પ્રી.૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાળ જો;
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રી.૪

કરૂણાદ્રષ્ટિ કીધી રે સેવક ઉપરે;
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનવાંછિત ફળીયા રે જિન આલંબને,
કર જોડીને, **મોહન** કહે મનરંગ જો. પ્રી.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ આશાવરી-મારું મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે-એ દેશી)**

પંથડો[૧] નિહાળું[૨] રે બીજા જિનતણો રે, અ-જિત **અજિત**[૩] ગુણધામ ।
જે તેં જીત્યા રે તેણે હું જીતીયો રે, પુરુષ કિશ્યું મુજ નામ ?—પં૦॥૧॥

ચરમ[૪]-નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સયલ સંસાર ।
જેણે નયણે કરી મારગ જોઈયેં રે, નયણ તે દિવ્ય[૫] વિચાર—પં૦॥૨॥

પુરુષ-પરંપર[૬] અનુભવ જોવતાં રે, અંધો-અંધ પુલાય[૭] ।
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે, ચરણ-ધરણ[૮] નહીં ઠાય-પં૦॥ ૩॥

તર્કવિચારે રે, વાદ પરંપરા રે, પાર ન પહોંચે કોય ।
અભિમત વસ્તુ રે વસ્તુગતેં કહે રે, તે વિરલા જગ જોય-પં૦॥૪॥

વસ્તુ-વિચારે રે દિવ્ય-નયણ તણો રે, વિરહ[૯] પડ્યો નિરધાર[૧૦] ।
તરતમજોગે[૧૧] તે તરતમ વાસના[૧૨] રે, વાસિત બોધ આધાર—પં૦॥૫॥

કાળલબ્ધિ[૧૩] લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ ।
એ જન જીવે રે જિનજી જાણજો રે, **આનંદઘન**[૧૪] મત[૧૫] અંબ[૧૬]—પં૦॥૬॥

---

૧. મારગ ૨. જોઉં ૩. કોઈથી ન જિતાય એ ગુણોના ઘર ૪. જ્ઞાનથી ઊપજતી અંતર દૃષ્ટિ વગરનું જોવું તે ચરમ-ચર્મ=ચામડાની કે બાહ્ય-ચક્ષુ વડે જોયું કહેવાય ૫. જ્ઞાનદૃષ્ટિ તાત્ત્વિક વિચારવાળી સમજણ ૬. પરંપરા-ચાલતી આવેલી શિષ્ટપુરૂષમાન્ય રૂઢિ ૭. ચાલવાનું થાયછે ૮. પગ મૂકવાની જગ્યા નથી ૯. વિયોગ-અંતર ૧૦. નિશ્ચે કરીને ૧૧. ક્ષયોપશમની તરતમતા=ઓછાવત્તાપણાથી ૧૨. ઓછીવત્તી જ્ઞાનશક્તિ ૧૩. ભવસ્થિતિનો પરિપાક ૧૪. શુદ્ધાત્મદશા ૧૫. વિચાર ૧૬. ટેકાથી

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (નિંદરડી વેરણ હોઈ રહી-એ દેશી)

અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે !
માલતી-ફૂલે મોહીયો, કિમ બેસે હો ? બાવળતરૂ ભૃંગ[1] કે—અજિત૦(૧)

ગંગાજળમાં જે રમ્યા, કિમ છીલર[2] હો રતિ[3] પામે મરાળ[4] કે
સરોવર[5]-જલધર[6] જળ વિના, નવિ યાચે હો જગ ચાતક[7]-બાળ કે—અજિત૦(૨)

કોકિલ કલકૂજિત[8] કરે, પામી મંજરી[9] હો પંજરી[10] સહકાર[11] કે
ઓછા[12] તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોયેં ગુણનો પ્યાર કે—અજિત૦(૩)

કમલિની[13] દિનકર[14]-કર ગ્રહે, વલી કુમુદિની[15] હો ધરે ચંદશું પ્રીતકે
ગૌરી[16] ગિરીશ[17] ગિરિધર[18] વિના, નાવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે—અજિત૦(૪)

તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે
શ્રીનયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત-નિત ગુણ ગાય કે—અજિત૦ (૫)

---

૧. ભમરો ૨. ખાબોચિયા ૩. આનંદ-સંતોષ ૪. હંસ ૫. શ્રેષ્ઠ તળાવનું પાણી ૬. મેઘ વિના=વરસાદના પાણી વિના ૭. ચાતકનું બાળક પણ એવી ટેવવાળું હોય છે કે-વરસાદના પાણી વિના ઉત્તમ જળાશયના પાણીની ઇચ્છા સરખી કરતું નથી, એમ બીજી ગાથાના ઉત્તરાર્ધનો આશય જાણવો.) ૮. ટહુકાનું મીઠું ગૂંજન ૯. આંબાનો મહોર ૧૦. શ્રેષ્ઠ ૧૧. આંબો ૧૨. ગુણ શૂન્ય ૧૩. સૂર્ય-વિકાસી-કમળની જાતિ ૧૪. સૂર્યનાં કિરણો ૧૫. ચંદ્ર-વિકાસીની કમળની જાતિ ૧૬. પાર્વતી ૧૭. શંકર અહીં 'વિના' અધ્યાહારથી સમજવું ૧૮. શ્રી કૃષ્ણ=વિષ્ણુ

D-3

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(કપૂર હોઈ અતિ ઉજળું રે-એ દેશી)

**વિજયા-નંદન** ગુણનીલોજી,[1] જીવન જગદાધાર
તેહશ્યું મુજ મન ગોઠડીજી,[2] છાજે વારોવાર–
સોભાગી જિન ! તુજ ગુણનો નહિ પાર
તું તો દોલતનો દાતાર –સોભાગી૦(૧)
જેહવી કૂઆ-છાંહડીજી, જેહવું વનનું ફૂલ
તેજશ્યું જે મન નવિ મિળ્યુંજી, તેહવું તેહનું શૂલ–સોભાગી૦(૨)
માહરૂં તો મન ધુરિથકીજી,[3] હળિઉં[4] તુજ ગુણ-સંગ
વાચક જશ કહે રાખશોજી, દિન-દિન ચઢતો રંગ–સોભાગી૦(૩)

૧. ગુણથી ભરેલ ૨. મુલાકાત ૩. પ્રથમથી ૪. એકમેક થયું છે.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(કોઈ લો પરવત ધૂંધલો રે લો-એ દેશી)

**અજિત-જિણંદ જુહારિયેં રે લો, જિતશત્રુ-વિજયા જાત[1] રે-સુગુણ–નર.**
નયરી અયોધ્યા ઉપનો રે લો, ગજ-લંછન વિખ્યાત રે -સુગુણ૦અજિત૦(૧)
ઉંચપણું પ્રભુજી તણું રે લો, ધનુષ સાઢાસેં[2] ચ્યાર રે૦-સુગુણ૦
એક સહસશ્યું વ્રત લિયે રે લો, કરૂણા-રસ ભંડાર રે-સુગુણ૦ અજિત૦(૨)
બોહોતેર લાખ પૂરવ ધરેં રે લો, આઉખું સોવન વાન[3] રે-સુગુણ૦
લાખ એક પ્રભુજી તણા રે લો, મુનિ-પરિવારનું માન રે-સુગુણ૦ અજિત૦(૩)
લાખ ત્રણ્ય ભલી સંયતી[4] રે લો, ઉપર ત્રીશ હજાર રે-સુગુણ૦
**સમેતશિખર** શિવ-પદ લહી રે લો, પામ્યા ભવનો પાર રે-સુગુણ૦ અજિત૦(૪)

અજિતબલા શાસનસુરીરે લો, મહાયક્ષ કરે સેવ રે-સુગુણ૦
કવિ જશવિજય કહે સદા રે લો, ધ્યાઉં એ જિન દેવ રે સુગુણ૦ અજિત૦(૫)

૧. પુત્ર ૨. સાડાચારસો ૩. શરીરનો રંગ ૪. સાધ્વી

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (દેશી-કંસારાની)

અજિતજિન[૧] ! ઓળગ માહરી, એ તો સુંદર સુરતિ[૨] તાહરી,
હું તો જોવાને ઘણું ઉમહયો[૩], પૂરવ પુણ્યે તુજને મેં લહ્યો
—અજિત૦(૧)

મ્હારી ભાગ્યદશા જાગી હવે, હવે માહારૂં ભાગ્ય મળે !
ગંગાજળ નાહયો હું સહી, મુજ સમ પુણ્યવંત બીજો કો નહીં
—અજિત૦ (૨)

મુખ માંગ્યા પાસા મુજ ઢળ્યા, ઇચ્છંતા સજ્જન આવી મળ્યા,
એ તો સુરતરૂ ફળિયો આંગણે, દૂધે મેહ વૂઠા મુજ બારણે
—અજિત૦ (૩)

હવે સહુ થકી અધિકો હું થયો,જબ મેં તુમ સમ ઠાકુર લહ્યો,
સેવકને નિરવહજયો[૪] તુમ્હે, એટલી વિનતી કરું છું અમ્હે
—અજિત૦ (૪)

સકલ સૂરીશ્વરમાં શોભતા, **શ્રીવિજયપ્રભસૂરિ** દીપતા,
પંડિતોત્તમ **પ્રેમવિજય** તણો, તુમ દરિસણે **ભાણ**ને સુખ ઘણો
—અજિત૦ (૫)

૧. સેવા ૨. ચહેરો ૩. ઉમંગવાળો ૪. નભાવશો

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(ચલન દેશું પાની-એ દેશી)

**અજિત** સયાને[૧] સજની ! અજિત સયાને,
ત્રિભુવન-નાયક સજની, મો[૨] મન માને—સજની....(૧)
બદન[૩] સલૂણો[૪] સજની, નયન રસીલે,
વચન અમૃત રસ, લાગત સીલે[૫]—સજની૦....(૨)
ભગત-વત્સલ નીકે[૬], ત્રિભુવન સ્વામી,
જીયકે જીવન, મેરે અંતરજામી.—સજની૦....(૩)
બલિ-બલિજાઉં સજની, પ્રભુ ગુન ગાઉં,
**આણંદવરધન** કહે, દરિસન પાઉં.—સજની૦....(૪)

૧. શાણા, કુશળ-હોશિયાર ૨. મારા મનને ૩. શરીર ૪. લાવણ્ય-કાંતિવાળું ૫.શીતળ ૬. સુંદર.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(ચંદ્રપ્રભ મુખચંદ સખિ ! મુને દેખણ દે-એ દેશી)

**અજિતદેવ** જિતકામ[૧] પ્રભુ સિદ્ધ[૨] સાધન હે ! અનંત ગુણનો ધામ;—પ્રભુ૦
મુનિજન આતમારામ પ્રભુ૦ અવર સવે[૩] મોહ-કામ-પ્રભુ૦(૧)
સાધનતા[૪] નવિ ઓલખે-પ્રભુ૦ સાધ્ય[૫] પોકાર્યે મુખ—પ્રભુ૦
આવિર્ભાવે કિમ હોવે ?—પ્રભુ૦ સહજાનંદ અતિ સુખ—પ્રભુ૦(૨)
વાંછિત નગરી-નામથી-પ્રભુ૦, સાંભળી જિમ ભડવાય-પ્રભુ૦
વિપરીત દિશે સંચરે-પ્રભુ૦ નિકટ કેણિપરે થાય ?—પ્રભુ૦(૩)
કોઈ કહે નિરંતર[૬]-પ્રભુ૦ રહિત[૭] પરંપરા હેત-પ્રભુ૦

તે પણ કારજ[૮] નવિ-લહે—પ્રભુ૦, આગમ (અ)[૯] ગૃહિત સંકેત—પ્રભુ૦ (૪)
ભૂખ મિટે ભોજન કર્યે-પ્રભુ૦ ભોજન કારણ જોય-પ્રભુ૦
વૃષ્ટિ-[૧૦] વાયુ જનનાદિકા પ્રભુ૦ ઇંધણ[૧૧]-અગન સંજોય—પ્રભુ૦ (૫)
કારણતા બહુમાનથી-પ્રભુ૦ કારજ પ્રયોજન જાણ—પ્રભુ૦
તૃષિત વારિ-વારિ જંપે—પ્રભુ૦ ઉદ્યમ પ્રાય પ્રમાણ—પ્રભુ૦ (૬)
મૂરતિ તાહરી દેખીને-પ્રભુ૦ ધરિયોઅ-મૂરતિ[૧૨]-ભાવ-પ્રભુ૦
**કીરતિ લોકે વિસ્તરી પ્રભુ૦ વિરમ્યો અનાદિ તાવ-પ્રભુ૦ (૭)**

૧. કામ જીત્યો છે જેમણે ૨. સિદ્ધ થઈ ગયા છે, બધાં સાધનો જેમને-કૃતકૃત્ય ૩. બીજા બધા મોહની કામનાવાળા ૪. કારણપણું ૫. લક્ષ્યને માત્ર મુખથી પોકારવાથી ૬. કંઈ પણ આંતરૂં નથી-સાક્ષાત્ છે જ ! ૭. હેતુની પરંપરાથી રહિત ૮. હેતુ=બાહ્ય સાધનની કંઈ જરૂર નહીં ૯. આગમોની ગૂઢ વાતો ગુરુચરણે વિનયથી બેસી જેમણે મેળવી નથી ૧૦. વરસાદ પવન આદિથી ઊપજતું અનાજ વગેરે ૧૧. બળતણ=લાકડાં અને અગ્નિનો સંયોગ ૧૨. અરૂપીપણું.

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (આઘા આમ પધારો રાજ-એ દેશી)

**અજિત**-જિણેસર ! ચરણની સેવા, હેવાયે[૧] હું હળિયો
કહિયે[૨] (કદીયે) અણ-ચાખ્યો પણ અનુભવ[૩]-રસનો ટાણો[૪] મળિયો.
પ્રભુજી ! મહિર[૫] કરીને આજ, કાજ હમારાં સારો[૬]—પ્રભુજી૦(૧)
મુકાવ્યો પિણ હું નવિ મૂકું, ચૂકું એ નવિ ટાણો
ભક્તિભાવ ઊઠ્યો જે અંતર, તે કિમ રહે શરમાણો[૭] !—પ્રભુજી૦(૨)
લોચન શાંતસુધારસ-સુભગા[૮], મુખ મટકાળું[૯] સુપ્રસન્ન
યોગ-મુદ્રાનો લટકો-ચટકો, અતિશય તો અતિધન્ન—પ્રભુજી૦(૩)

પિંડ-પદસ્થ-રૂપસ્થે લીનો, ચરણ-કમળ તુજ ગ્રહિયાં,
ભ્રમરપરે રસ-સ્વાદ ચખાવો, વિરસો[10] કાં કરો મહિયાં–પ્રભુજી૦(૪)
બાળ-કાળમાં વાર અનંતી, સામગ્રીયેં હું નવિ જાગ્યો,
યૌવન-કાળે તે રસ ચાખ્યો, તું સમરથ પ્રભુ ! માગ્યો–પ્રભુજી૦(૫)
તું અનુભવ-રસ દેવા સમરથ, હું પણ અરથી[11] તેહનો
ચિત્ત-વિત્ત ને પાત્ર સંબંધે, **અજર**[12] રહ્યો હવે કેહનો–પ્રભુજી૦(૬)
પ્રભુની મહિરે તે રસ ચાખ્યો, અંતરંગ-સુખ પામ્યો;
**માનવિજય** વાચક ઈમ જંપે, હુઓ મુજ મન[13]-કામ્યો–પ્રભુજી૦(૭)

---

૧. ગાઢ અભ્યાસથી ૨. કહું છું કે, (અહીં ખરી રીતે કૌંસનો પાઠ બરાબર લાગે છે.) કદીપણ = ક્યારે પણ ૩. આત્મ-સ્વરૂપાનુભવનો જે રસ તેનો ૪. અવસર ૫. દયા ૬. કરી આપો ૭. શરમથી ગુપ્ત,-છાનો ૮. સુંદર ૯. હસતું ૧૦. વિરસ = મન કચવાય તેમ ૧૧. ગરજવાન ૧૨. વિલંબ ૧૩. મનધાર્યું = ઇષ્ટ.

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (પુણ્યપ્રશંસીયેં-એ દેશી)

**અજિત**-જિણંદ ! દયા કરો, આણી અધિક પ્રમોદ[1]
જાણી સેવક આપણો, સુણીયેં વચન-વિનોદ રે જિનજી સેવના૦,
ભવ-ભવ તાહરી હોજો રે ! એ મન કામના–જિન૦(૧)

કર્મ-શત્રુ તુમે જીતિયા, તિમ મુજને જીતાડ
અજિત થાઉં દુશ્મન થકી, એ મુજ પૂરો રૂહાડ[2] રે–જિન૦(૨)

**જિતશત્રુ**-નૃપનંદનો, જીતે વયરી[3] જેહ,
અચિરજ ઈહાં કણી કો નહિ, પરિણામે ગુણ-ગેહ રે–જિન૦(૩)

સકલ પદારથ પામીયેં, દીઠે તુમ દીદાર
સોભાગી મહિમાનિલો, **વિજયા**-માત મલ્હાર રે—જિન૦(૪)
**જ્ઞાનવિમલ** સુપ્રકાશથી, ભાસિત લોકાલોક
**શિવ-સુંદરી**ના વાલહા, પ્રણમેં ભવિ-જન થોક રે—જિન૦(૫)

---

૧. આનંદ ૨. ઉમંગ ૩. વૈરી-દુશ્મન

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

**(રાગ-આશાવરી મહામુનિવર રાગી-એ દેશી)**

**શ્રી અજિત-જિણેસરરાય** ભવિઅણ સેવો રે
જસ નામે મંગળ થાય ભવિયણ સેવો રે
દુઃખ દોહગ દૂરે પલાય—ભવિ૦
**શ્રી જિતશત્રુ-નરિંદ**નો રે, નંદન જગદાનંદ
**વિજયા-કૂખે** અવતર્યો રે, કમળા[1]-વેલી-કંદ—ભવિ૦(૧)

લાખ બહોત્તાર પૂર્વનું રે, જીવિત જસ ઉત્તાંગ
દેહકાંતિ જસ દીપતી રે, જીપતી સુર[2]-ગિરિથંગ—ભવિ૦(૨)

નયરી **અયોધ્યા** રાજિઓ રે, વંશ ઈક્ષ્વાગ શ્રૃંગાર
પંચાસાધિક[3] ચ્યારસે રે, **ધનુષ** માન તનુ સાર—ભવિ૦(૩)

**અજિતબલા દેવી** વડી રે, **મહાયક્ષ** વળી દેવ
એ જસ શાસન-દેવતા રે, સેવા કરે નિતમેવ—ભવિ૦(૪)

ગજ-ગતિ ગજ-લંછન ધરૂં રે, બીજો એ જગદીશ
મુગતિ સુગતિદાયક ભણી રે, **ભાવ** નમેં નિશદીસ–ભવિ૦(૫)

૧. લક્ષ્મીરૂપ વેલડીના મૂળ ૨. મેરૂપર્વતના શિખર ૩. પચાસ અધિક ચારસો-સાડાચારસો

## કર્તા : શ્રી વિનયવિજયજી મ.

**(રાગ મારૂણી-સાધુ શિરોમણિ સદ્‌ગુરૂ વંદીયે રે-એ દેશી)**

વિજય સમોપેં[૧] (સમર્પે) સુત **વિજયા** તણો રે, હરખ ઘણો જસ નામ
**અજિત-જિનેસર !** ભુવન[૨]-દિણેસરું રે, ગુણ[૩]-મંડલ અભિરામ–વિજય૦(૧)
ગજપતિ[૪]-લંછન ગજગતિ[૫] ચાલતો રે, ગજવર[૬]-પતિ સમરત્થ
મોહ[૭]-મહીરૂહ-મૂળ ઉખેળવા[૮] રે, વડહથવાહે[૯] હત્થ–વિજય૦(૨)
મન-મંદિરમાં આવી મુજ રમો રે, **વિનય** કહે મોરા નાથ
રાત-દિવસ હું તુમ સેવા કરું રે, નહિ છંડું તુમ સાથ–વિજય૦(૩)

૧. સમર્પે = આપે ૨. જગતમાં સૂર્યસમા ૩. ગુણના સમૂહથી સુંદર ૪. શ્રેષ્ઠ હાથી ૫. હાથીની ચાલ ૬. શ્રેષ્ઠ હાથીઓના માલિક ૭. મોહરૂપી ઝાડના મૂળીયાં ૮. ઉખેડી નાંખવા ૯. દેશીશબ્દ પ્રયોગ છે. પ્રાયઃ આનો અર્થ એમ જણાય છે કે વડ=મોટા. હઘવાહે=પાણીના પ્રવાહમાં તણાતા માટે પકડી રાખનાર હાથ સમાન.

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(દેશી-હમીરીયાની)

**અજિત** જિણેસર સેવીયે, બીજો શ્રી જિનરાજ-સાજનજી
સેવ્યાં શિવસુખ પામીયેં, સીઝેં વંછિત કાજ—સાજન૦ અજિત૦(૧)

એ પ્રભુની જે સેવના, તે તો સુરતરૂકંદ-સાજન૦
સફળ ફળે તસ કામના, સેવે જેહ અમંદ—સાજન૦અજિત૦(૨)

સેવા એ જિનવર તણી પામે જે કૃતપુણ્ય[1]—સાજન૦
સફળ જનમ જગે તેહનો, જીવિત તસ ધન્ય ધન્ય—સાજન૦અજિત૦(૩)

પૂરે પૂરણકામના, ચૂરે દુરિત[2] દુરંત[3]-સાજન૦
સેવ્યો શિવસંપદ દીયેં ભગત વત્સલ ભગવંત—સાજન૦અજિત૦(૪)

કરૂણાનિધિ કરૂણા કરો, જગજંતુ હિતકાર—સાજન૦
એ સાહિબની સેવના, તે તો ભવજલ પાર—સાજન૦અજિત૦(૫)

ભવ-ભવભય ભેદે સદા, છેદે પાપ સ-મૂલ—સાજન૦
શિવસંપદ સહજે દીયે, એ સાહિબ અનુકૂલ—સાજન૦અજિત૦(૬)

ઈમ જાણી જે સેવશે, લહશે તે સુખ સાર[4]—સાજન
**નયવિજય** પ્રભુ પ્રણમતાં નિતુનિતુ જય જયકાર—સાજન૦અજિત૦(૭)

---

૧. ભાગ્યશાળી ૨. પાપ ૩. ઉગ્ર ૪. શ્રેષ્ઠ

D-४

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

**અજિત**-જિનેસર ! ઈકમના,[૧] મૈં કીધી હો ! તુમસું ઇક[૨]તાર કે
ત્રિવિધ[૩] કરી તુજનૈ ગ્રહ્યૌ મંઈ[૪], યા હી હો ! સંસારમૈ સાર કે
—અજિત (૧)

મોટારી મહીનતિ[૫] કિયાં સહી, હોવૈ હો ! કાંઈ મોટી મોજ[૬] કંઈ
નહીંતરં તનુ પવિત્ર હુવંઈ, દેખતાં હો ! આવઈ દરસણ રોજ કેં
—અજિત (૨)

સદ્‌ગુરુના ઉપદેશથી છંઈ, તારક હો ! ઈમ સુણીયો કાન કેં
તેં તારક બહુ તારીયા, કરજોડી હો ! કરું અરજ તું માંનિ કંઈ
—અજિત (૩)

તારક તાર ! સંસારથી, હું વિનવું હો ! કરું અરજ તું માંનિ કંઈ
આંગણિ અવરના જાવતાં, પાંમસ્યો હો ! સોભા ક્યું ઈસ[૭] કંઈ
—અજિત૦(૪)

સું હવૈ સોચો સાહિબા ! પ્રભુ પાખૈ[૮] હો ! તારક કુણ હો કેં
**ઋષભ** કહૈ પ્રભુ-રંગ સ્યું, થાઈ સંપદ હો ! જ્યું સુરપતિ[૯] જોય[૧૦] કેં
—અજિત૦(૫)

---

૧. એક મનથી ૨. એકાગ્રપણે ૩. મન-વચન-કાયાથી ૪. આજ ૫. સેવા ૬. આનંદ ૭. આમ ૮. વિના ૯. ઇંદ્ર ૧૦. જોઈ રહે

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-ગુજરી)

અજિત-જિનકો ધ્યાન, કર મન ! અજિત-જિનકો ધ્યાન
રિદ્ધિ-સિદ્ધિ આનંદ-મંગલ, હોત કોડ કલ્યાન—કર૦(૧)
યાકી જનમનગરી નામ **અયોધ્યા**, પિતા જિતશત્રુ જાન
માત **વિજયાદેવી**નંદન, કુલ ઈક્ષ્વાગ પ્રધાન—કર૦(૨)
ચારસેં પંચાસ ઉપર, ધનુષ જસુ તનુ-માન[1]
લાખ બહુંતર[2] પૂરવ આયુ, દેહ કંચનવાન—કર૦(૩)
ગુણ અનંત ઉદાર મહિમા, લંછન ગજ સુપ્રધાન
**હરખચંદ** પ્રભુજી કે ગુનકોં, કહત નાવત ગ્યાન[3]—કર૦(૪)

૧. ઊંચાઈ ૨. બોંતેર ૩. જાણકારી

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

વિષયને વિસારી, **વિજયાનંદ** વંદો રે
આનંદ-પદનો એ અધિકારી, સુખનો કંદો રે—વિષય૦ (૧)
નામ લેતાં જે નિશ્ચે ફેડે, ભવનો ફંદો રે
જનમ-મરણ-જરાને ટાળી, દુખનો દંદો રે—વિષય૦ (૨)
જગજીવન જે જગજયકારી, જગતી ચંદો રે
**ઉદયરત્ન** પ્રભુ પર-ઉપગારી, પરમાનંદો રે—વિષય૦ (૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

અજિત જિનેસર ! વાલ હાં રે હાં, અવર ન આવે દાય[1]
-નીકે[2]-સાહિબા
પંચામૃત ભોજન લહી રે હાં, કહો ! કુણ કુકસ[3]ખાય ? નીકે૦ (૧)
મધુકર મોહયો માલતી રે હાં, કબહી કરીર[4] ન જાય—નીકે૦
રાજ[5] મરાલ મોતી ચુગે રે હાં, કંકર ચંચુ ન ખાય—નીકે૦ (૨)
ગંગાજળ ક્રીડા કરે રે હાં, છીલરજળ[6] કિમ ન્હાય ? નીકે૦
સતી નિજ નાહને[7] છોડીને રે હાં, પરજન હૃદય ન ધ્યાય-નીકે૦ (૩)
કલ્પતરૂ કાયા તજી રે હાં, કુણ જાયે બાવળ છાય ? નીકે૦
રયણ-ચિંતામણી કર છતાં રે હાં, કાચ ન તાસ સુહાય—નીકે૦ (૪)
તિમ પ્રભુ-પદકજ છોડીને રે હાં, હરિ-હર નામું ન શીશ-નીકે૦
પંડિત **ક્ષમાવિજય** તણો રે હાં, કહે **જિનવિજય** સુશીષ—નીકે૦ (૫)

૧. અનુકૂળ ૨. સારા ૩. ફોતરાં ૪. કેરડો ૫. હંસ ૬. છીછરાં પાણી ૭. નાથ=સ્વામીને

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(પિયુડા ! જિન-ચરણારી સેવા પ્યારી મુને લાગે-એ દેશી)**

જીવડા ! વિષમ[1] વિષયની[2] હેવા[3], તુજ કાંઈ જાગે ! હજી કાંઈ જાગે !
જીવડા ! અ-કળ-સરૂપ **અજિત**-જિન નિરખ્યો, પરખ્યો[4] પૂરણ[5] -ભાગે
-જીવડા૦(૧)
સ-રસસુ-કોમળ સુરતરૂ પામી, કંટક બાઉળ માંગે
એરાવત[6] સાટે કુણ મૂરખ ? રાસભ[7] પૂંઠે લાગે
-જીવડા૦(૨)

ઘોર[૮] પહાડ ઉજાડ[૯] ઉલંઘી, આવ્યો સમકિત માગે
તૃષ્ણાએ સમતા-રસ બિગડે, કુંભ ઉદક જિમ કાગે
—જીવડા૦(૩)

જિમ કોઈક નર જાન લેઈને, આવ્યો કન્યા[૧૦]-રાગે
સરસ-આહાર નિંદ્રાભર પોઢયો, કરડયો વિષયા નાગે
—જીવડા૦(૪)

**વિજયા**[૧૧]-નંદન વયણ-સુધારસ, પીતાં શુભમતિ જાગે
પાંચે ઇંદ્રિય ચપલ-તુરંગમ, વશ કરી જ્ઞાન સુ[૧૨]-વાગે
—જીવડા૦(૫)

**ક્ષમાવિજય**-જિન-ગુણ-કુસુમાવલી, શોભિત ભક્તિ પરાગે
કંઠ આરોપી વિરતિ-વનિતા, વદી કેસરીએ ષાગે
—જીવડા૦(૬)

---

૧. અનર્થકારી ૨. ભોગોની ૩. લાલસા ૪. ઓળખ્યો ૫. પૂરા સારા ભાગ્યથી ૬. ઇંદ્રનો હાથી ૭. ગધેડો ૮. વિકટ-મોટા ૯. ભયંકર જંગલ ૧૦. છોકરી પરણવાના ઉમંગથી ૧૧. પ્રભુજીની માતાજીનું નામ ૧૨. સારી લગામથી

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (ઈડર આંબા આંબલી રે-એ દેશી)

શુભ વેળા શુભ અવસરે રે, લાગ્યો પ્રભુ શું નેહ
વાધે મુજ મન વાલહો[૧] રે, દિન દિન બમણો નેહ—
**અજિત** - જિન ! વીનતડી અવધાર,
મન માહરું લાગી રહ્યું રે તુજ ચરણે એકતાર—અજિત૦(૧)

હિયડું મુજ હેજાળવું[2] રે, કરી ઉમાહો[3] અપાર
ઘડીઘડીને અંતરે રે, ચાહે તુજ દીદાર[4]–અજિત૦(૨)
મીઠો અમૃતની પરે રે, સાહેબ ! તાહરો રે સંગ
નયણે નયણ નિહાળતાં રે, શીતળ થાય અંગ–અજિત૦(૩)
અવશ્યપણે[5] એક ઘડી રે, જાયે તુજ વિણ જેહ
વરસાં સો મમ[6]સાહિબા રે ! મુજ મન લાગે તેહ–અજિત૦(૪)
તુજને તો મુજ ઉપરે રે, નેહ ન આવે કાંય
તો પણ મુજ મન લાલચી રે, ખિણ અળગો નવિ થાય–અજિત૦(૫)
આસંગાયત[7] આપણો રે, જાણીને જિનરાય
દરશણ દીજે દીન પ્રતે રે, હંસરત્ન સુખ થાય–અજિત૦(૬)

---

૧. હે ! વ્હાલા ૨. પ્રેમભર્યું ૩. ઉમંગ ૪. ચેહરો=દર્શન ૫. પરાધીનપણે ૬. જેવી ૭. અત્યંત રાગવાળો.

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

**(કાબુલરો પાણી લાગણો-એ દેશી.)**

ઓળગ[1] **અજિત**-જિણંદની, માહરે મન માની
માલતી-મધુકરની[2] પરે, બની પ્રીત અ[3]-છાની
**વારી હું જિતશત્રુ** - સુતતણા મુખડાને મટકે-વારી૦(૧)
અવર કાંઈ જાચું નહીં, વિણ સ્વામી સુરંગા,
ચાતક જિમ જલધર વિના, નવિ સેવે ગંગા-વારી૦(૨)
એ ગુણ પ્રભુ ! કિમ વિસરે, સુણી અન્ય પ્રશંસા,
છીલર કીણવિધ[4] રતિ ધરે, માનસરના હંસા–વારી૦(૩)

શિવ એક ચંદ્ર-કળા થકી, લહી ઈશ્વરતાઈ[5],
અનંત-કળાધર મેં ધરચો, મુજ અધિક પુણ્યાઈ—વારી૦(૪)

તું ધન તું મન તન તુંહી, સસનેહા સ્વામી,
**મોહન** કહે કવિ **રૂપનો**, જિન અંતરજામી—વારી૦(૫)

---

૧. સેવા ૨. ભમરા ૩. જાહેર ૪. કેવી રીતે ૫. મોટાઈ

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (મોતીડાની-દેશી)

**અજિત**-જિન અંતરજામી, અરજ કરૂં છું પ્રભુ ! શિર નામી,
સાહિબા ! સસનેહી સુગુણજી, વાતડી કહું કેહી
આપણ બાળપણાના સ્વદેશી, તો હવે કિમ થાઓ છો વિદેશી—સાહિબા૦
પુણ્ય અધિક તુમે હુઆ જિણંદા, આદિ અનાદિ અમે તો બંદા—સાહિબા૦(૧)
તાહરે આજ મણા[1] છે શ્યાની, તુંહીં જ લીલાવંત તું જ્ઞાની—સાહિબા૦
તુજ વિણ અન્યનેં કાં નથી ધ્યાતા, તો જો તું છે લોક વિખ્યાતા—સાહિબા૦(૨)
એકનેં આદર એકનેં અનાદર, ઈમ કિમ ઘટે તુજને કરૂણાકર—સાહિબા૦
દક્ષિણ-વામ નયન બિહુ સરખી, કુણ ઓછી કુણ અધિકી પરખી—સાહિબા૦(૩)
સ્વાન્યતા[2] મુજથી ન રાખો સ્વામી, શી સેવકમાં રાખો છો ખામી ?—સાહિબા૦
જે ન લહે સનમાન સ્વામીનો, તો તેહને કહે સહુકો કમીનો—સાહિબા૦(૪)
રૂપાતીત જો મુજથી થાશ્યો, ધ્યાશું રૂપ કરી કિહાં જાશ્યો—સાહિબા૦
જડ પરમાણું અરૂપી કહાયેં, ગહત સંજોગે શ્યું રૂપી ન થાયેં —સાહિબા૦(૫)
ધન જો ઓળગેં કિમપિ ન દેવે, જો દિનમણિ કનકાચલ સેવે—સાહિબા૦
એહવું જાણી તુજને સેવું, તાહરે હાથ છે ફળનું દેવું—સાહિબા૦(૬)

તુજ પય પંકજ મુજ મન વળગ્યું, જાયે કિહાં છંડીને અળગું—સાહિબા૦
મધુકર[૪] મયગલ[૫] યદ્યપિ રાચે, પણ સૂને[૬]મુખે લાલ[૭] નવિ માચે[૮]—સાહિબા૦(૭)
તારક બિરૂદ કહાવો છો મોટા, તો મુજથી કિમ થાશ્યો ખોટા—સાહિબા૦
**રૂપ**-વિબુધનો **મોહન** ભાખે, અનુભવ રસ આણંદશું ચાખે—સાહિબા૦(૮)

૧. ખામી ૨. સ્વ=પોતાથી અન્યના=સ્નેહભાવ ૩. હલકો ૪. ભમરો ૫. હાથી ૬. ખાલી મોઢે ૭. બાલક ૮. રાજી થાય

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(યશોદાજી ! કાન તુમારો રોકી રહે યમુનાનો આરો-એ દેશી)**

દીઠો નંદન**વિજયા**નો, નહિ લેખો[૧] હરખ થયાનો,
પ્રભુ ! કીધો મન્ન[૨] મયાનો, બોલ[૩] પાળ્યો બાંહ્ય ગ્રહ્યાનો...(૧)
મુજને પ્રભુપદ સેવાનો, લાગ્યો છે અવિહડ તાનો,
મુજ વાહલો તે હિયડાનો, જે રસિયો નાથ-કથાનો...(૨)
ન ગમે સંગ મુજ બીજાનો, જો કેળવે કોડિ કવાનો[૪],
જિણે ચાખ્યો સ્વાદ સિતાનો[૫], તેહને ભાવે ધતૂરો શ્યાનો ?...(૩)
પ્રભુ સાથે લાડ કર્યાનો, માહરે આંસગ[૬] સદાનો,
પ્રભુનો[૭] ગુણ ચિત્ત હર્યાનો, કહિયે મુજ નહિ વિસર્યાનો...(૪)
નહી[૮] છે માહરે વિનવ્યાનો, પ્રભુજીથી શું છે છાનો ?
શિષ્ય વાચક **વિમલવિજય**નો, લહે**રામ** સુબોલ વિજયનો...(૫)

૧. પ્રમાણ ૨. મન=દિલ, મયાનો=દયાનું ૩. વચન ૪. પ્રયત્ન ૫. સાકરનો ૬. અંતરનો પ્રેમ ૭. ચિત્તહર્યાનો પ્રભુનો ગુણ ક્યારેય હું નહીં ભૂલું (ચોથી ગાથાનો ઉત્તરાર્ધ) ૮. મારે હવે કાંઈ કહેવાપણું નથી.

## કર્તા : શ્રી રામ વિજયજી મ

### (હવે ન જાઉં મહિ વેચવા રે લો—એ દેશી)

**અજિતજિનેસર** સાહિબા રે લો, વિનતડી અવધાર
મારા વાલાજી રે, હવે ન છોડું તોરી ચાકરી રે લો
તું મનરંજન માહરો રે લો, દિલડાનો જાણણહાર—મારા૦હવે૦...(૧)

લાખ ચોરાસી હું ભમ્યો રે લો, કાળ અનંતો-અનંત-મારા૦
ઓળગ[૧] કીધી મેં પ્રભુ ! તાહરી રે લો, ભાંગી છે ભવતણી ભ્રાંત-મારા૦ હવે૦...(૨)

કરી સુ[૨]-નજર હવે સાહિબો રે લો, દાસ ધરો દિલમાંહિ-મારા૦
લાખ ગુન્હે પણ તાહરો રે લો, સેવક હું મહારાય-મારા૦ હવે૦....(૩)

અવગુણ ગણતાં માહરા રે લો, નહિ આવે પ્રભુજી ! પાર-મારા૦
પણ જિન પ્રવહણની[૩] પરે રે લો, તુમે છો તારણહાર-મારા૦ હવે૦....(૪)

નયરી **અયોધ્યા**નો ધણી રે લો, **વિજયા** ઉયર[૪]-સર-હંસ-મારા૦
**જિતશત્રુરાય**નો નંદલો રે લો, ધન ઈક્ષ્વાગનો વંશ-મારા૦ હવે૦....(૫)

ધનુસય સાઢાચ્યારની રે લો, દેહડી રંગ[૫]-સનૂર-મારા૦
બહોત્તેર પૂરવ લાખનું રે લો, આયુ અધિક સુખ-પૂર-મારા૦ હવે૦....(૬)

પાંચમે આરે તું મળ્યો રે લો, પ્રગટ્યાં છે પુણ્યનિધાન-મારા૦
**સુમતિ** ગુરૂ-પદ સેવતાં રે લો, **રામ** અધિક તનુ-વાન-મારા૦ હવે૦....(૭)

---

૧. સેવા ૨. સારી દૃષ્ટિ ૩.વહાણ ૪. પેટ-કુક્ષિરૂપ સરોવરના હંસ સમાન = પુત્ર ૫. તેજથી દીપતી

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(પછેડાની-એ દેશી)

બીજા અજિત-જિણંદજી રે, રૂડી અરજ સુણો અરિહંત રે-રસીયા રાજવી રે
હરષનયણે[1] હેજાળુઆં રે, હવે લાગી લગન અનંત રે રસીયા૦
રાજવી તું જિનનાથ રે, મેળે[2]મુગતિનો સાથ રે રસીયા૦(૧)

જેહથી તન-મન વેધીઉં[3] રે, કહો તે વિણ કેમ સુહાય રે ?રસીયા૦
લાખીણા[4] લખ[5] જો હુવે રે, પણ તે કોઈ ન આવે દાય[6] રે-રસીયા૦(૨)

કારજ સારે આપણા રે, પ્રભુ ! મૂકીયેં કિમ તસ કેડિ રે-રસીયા૦
કરૂણા નયણ નિહાળતાં રે, તું તો નાંખે કુગતિ ઉખેડી રે-રસીયા૦(૩)

મન મોટું કરી મોહના રે ! મુને કીજે સેવક પ્રમાણ રે-રસીયા૦
માહરે મન એક તું વસ્યો રે, વાલ્હા ! ભાવિ જાણ મજાણ રે-રસીયા૦(૪)

ચિત-ઠારણ જગજીવનો રે, રૂડા **વિજયા** રાણીના નંદ રે-રસીયા૦
સફળ હોજયો અમ વિનતિ રે, આછા **જિતશત્રુ**નૃપ-કુળચંદ રે-રસીયા૦(૫)

**આશ** ધરી મેં તો તાહરી રે, તું તો મન ઓછું કરેશ રે-રસીયા૦
સબળા તુજ સોભાગથી રે, વારી હું તો સહજે તરેશ રે-રસીયા૦(૬)

સેવક કહીને બોલાવતાં રે, વાલ્હા દીધી સંપદ કોડી રે-રસીયા૦
**પ્રેમ** વિબુધ સુપસાયથી રે, ઈમ **કાંતિ** કહે કર જોડી રે-રસીયા૦(૭)

---

૧. હર્ષવાળાં નેત્રો ૨. મેળવી આપે ૩. એકાકાર થયું ૪. સારા ૫. ગમે તેટલા ૬. અનુરૂપ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (નીલી પીલી પામરી નેં-એ દેશી)

**વિજયાનંદન** સાહિબ વંદો, ભાવ ભવિયા આણી
ગજલંછન કંચનવાન કાયા, ચિત્ત ધારું આણી
ઝબક[૧] જોર[૨] બની છે રે, સાંઈ[૩] જોર[૪] ગુણી છે-ઝ૦(૧)

કેશર ઘોર[૫] ઘસી શુચિ ચંદન, લેઈ વસ્તુ ઉદાર
અંગી ચંગી[૬] અવલ[૭]બનાઈ, મેલવી ઘનસાર[૮]-ઝ૦(૨)

જાઈ જુઈ ચંપક મરૂઓ, કેતકી મચકુંદ
બોલસિરી વર દમણો આણી, પૂજીયેં જિણંદ-ઝ૦(૩)

મસ્તક મુગટ પ્રગટ વિરાજે, હાર હિયેં સાર
કાને કુંડલ સૂરજમંડલ, જાણીયેં મનુહાર[૯]-ઝ૦(૪)

દ્રવ્યસ્તવ ઈમ પૂરણ વિરચી, ભાવો ભાવ ઉદાર
અલખ નિરંજન જન-મનરંજન, પૂજતાં ભવપાર-ઝ૦(૫)

**ચિદાનંદ** પૂરણ ગુણ-પાવન, **ન્યાયસાગર** ઈશ
પરમ પુરૂષ પરમાતમ નિરમલ-ધ્યાઈયેં જગદીશ-ઝ૦(૬)

---

૧. લગની ૨. પ્રબળ ૩. સ્વામી ૪. ઘણા ૫. ખૂબ ૬. સુંદર ૭. શ્રેષ્ઠ ૮. કપૂર ૯. મનોહર

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(સખી રે સયાની સાહિબ ! સખી રે સયાની-એ દેશી)

**અજિતજિણંદા** સાહિબ ! અજિતજિણંદા,
તું મેરા સાહિબ મેં તેરા બંદા, સાહિબ અજિતજિણંદા,
જિતશત્રુ-નૃપ વિજયાદે-નંદા, લંછન ચરણે સોહે ગયંદા-સા૦(૧)

સકળ કરમ જીતી અ-જિત કહાયા, આપ બળે થયા સિદ્ધ સહાયા-સા૦
મોહનૃપતિ જે અટલ અટારો, તુમ આગે ન રહ્યો તસ ચારો સા૦(૨)

વિષય-કષાય જે જગને નડિયા. તુમ ધ્યાનાનલ શલભ[1] જ્યું પડિયા-સા૦
દુશ્મન દાવ ન કોઈ ફાવે, તિણથી અજિત તુમ નામ સુહાવે-સા૦(૩)

અજિત થાઉં હું તુમચે નામ, બહોત વધારો પ્રભુ જગમાંહી મામ-સા૦
સકળ સુરાસુર પ્રણમે પાયા, **ન્યાયસાગરે** પ્રભુના ગુણ ગાયા-સા૦(૪)

---

૧. પતંગિયું

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(દેશી વિંછિયાની)

શ્રી **અજિત**-જિનેસર વંદિયેં, જે ત્રિભુવન જન આધાર રે
પચાસ લાખ કોડિ અયરનો[1], અંતર **આદિ-અજિત** વિચાર રે-શ્રી૦(૧)

સુદ વૈશાખની તેરસે, પ્રભુ અવતર્યા જગ સુખદાય રે
મહા સુદિ આઠમ દિને જનમિયા, તિમ નવમી વ્રતધર થાય રે-શ્રી૦(૨)

એકાદશી અરજુન[2] પક્ષની, પોષ માસની પામ્યા નાણ રે
ચૈતર સુદિ પાંચમને દિને, પામ્યા પ્રભુ શાશ્વત-ઠાણ રે-શ્રી૦(૩)

સાઢા ચ્યારસેં ઊંચી ધનુંષની, કાયા કંચનને વાન રે
લાખ બોતેર પૂરવનું આઉખું, જગ ઉપગારી ભગવાન રે-શ્રી૦(૪)

જે જિનવર નમતાં સાંભરે, એકસો સિત્તોર મહારાજ રે
તેહના **ઉત્તમ** પદ-**પદ્મ**ની, સેવાથી લહે શિવરાજ રે-શ્રી૦(૫)

---

૧. સાગરોપમનો ૨. અજુવાળિયા

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(સ્વામી સીમંધરા વિનતિ-એ દેશી)

**અજિતજિન** ! તુમ-મુજ અંતરો, જોતાં દીસેં ન કોય રે,
તુજ-મુજ આતમ સારિખો, હાં રે ! સત્તા ધર્મથી હોય રે-અ૦(૧)

જ્ઞાન દર્શન ચરણ આદિ દેઈ, ગુણ અછે જેહ અનંત રે,
અસંખ્ય પ્રદેશ વળી સારિખા, એ છે ઇણિપરે તંત રે-અ૦(૨)

એતલો અંતર પણ થયો, હાં રે ! આવિર્ભાવ- તિરોભાવ રે,
આવિર્ભાવે ગુણ નિપના, તિણે તુજ રમણ સ્વભાવ રે-અ૦(૩)

રાગ-દ્વેષાદિ વિભાવની, હાં રે ! પરિણતિ પરભાવે રે,
ગ્રહણ કરતો કરે ગુણતણો, હાં રે ! પ્રાણી એહ તિરોભાવે રે-અ૦(૪)

એહ અંતર પડ્યો તુજ થકી, હાં રે ! તેનું મને ઘણું દુઃખ રે
ભીખ માંગે કુણ ધન છે તે ? હાં રે ! છતે આહાર કુણ ભૂખ રે-અ૦(૫)

તુજ અવલંબને આંતરો, હાં રે ! ટળે માહરે સ્વામ રે,
અચલ અખંડ અગુરૂલહુ, હાં રે ! લહુ નિરવદ્ય ઠામ રે-અ૦(૬)

જે અવેદી અખેદી પણે, અલેશીને અજોગીરે,
**ઉત્તમ** પદ વર **પદ્મ**નો, હાં રે ! થાયેં ચેતન ભોગી રે-અ૦(૭)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

(ધન-દિન ધન વેળા તેહ-એ દેશી)

**વિજયારો** નંદન ચરણ સુરતરૂ છાંહ, સમીહિત પૂરે ચૂરે દુરિતનેજી૦
સુરપતિ નરપતિ મુનિવર ભૃગ, ચરણવિલાસી લહે
સુખ-સરિતનેજી૦(૧)

સુહુમ બાયર પુઢવી જલણ સમીર, જલ વણસઇ વિગલેંદ્રિમાં સહીજી૦
નરય તિરય સુર નર કર્મસંયોગ, ભુવન પાવન જિનસેવા નવિ
-લહીજી૦ (૨)

ચઉગઇ ભમતાં સુકૃતનૃપતિ પસાય,આરજ દેશ નિરમળ કુળ લહ્યાજી૦
દોષવિલાસી આશીભાવ[1] નિવારી, માનસહંસપરે તુમ પદ
-ગ્રહ્યાજી૦(૩)

વીતરાગ સુખ[2]-દુઃખ ગત સેસ, તેહથી અસંગત કિમ ફળ કામિએજી૦
ઇમ મન ચિંત્યું જેમ સુરમણિ સાર, અચિંત્યપણે પણ ચિંતિત
-પામીએજી૦ (૪)

પિંડ-પદસ્થ-રૂપસ્થ ધ્યાને હો લીન, જિનજીના ચરણ-સરોજ જિણે ગ્રહ્યાજી
આતમતત્ત્વ રમણતા પ્રગટે હો તાસ, ધ્યાન-અનલથી કર્મ ઇંધણ
દહ્યાંજી૦ (૫)

**અજિત** અમિત-ગુણ ચરણ-નિવાસ, **સમકિત**-શોધક રોધક **કર્મને**જી
**સૌભાગ્યલક્ષ્મીસૂરિ** જગભાણ, ધ્યાન-પ્રભાવે વહે શિવ
-શર્મનેજી૦ (૬)

---

૧. ખરાબ ભાવ ૨. સુખદુઃખ સાથે સંબંધ નથી તેવા પ્રભુ

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**અજિત** જિણંદ ! અવધારીએ, સેવકની અરદાસો રે
તું સાહિબ સોહામણો, હું છું તારો દાસો રે-અજિત૦(૧)
**જિતશત્રુ** રાય કુલ-તિલો, **વિજયા** માત્ત મલ્હારો રે
નયરી **અયોધ્યા** અવતર્યા, ગજ લંછન અતિ સારો રે -અજિત૦(૨)
જગજીવન જગનો ધણી, તું છે જગ પ્રતિપાળો રે
નામ તુમ્હારૂં જે જપે, તે પામે સુખ વિશાળો રે -અજિત૦(૩)
સુર-તરૂ-મણિ-સુરલતા, વંછિત પૂરે એહો રે
તેહથી તુમ સેવા ભલી, શિવ-સુખ આપે જેહો રે -અજિત૦(૪)
જે ભવિ તુમ્હ સેવા કરે, તે લહે કોડિ કલ્યાણો રે
**ઋદ્ધિ સિદ્ધિ કીર્તિ** ઘણી, તસ ઘરે શુભ-મંડાણો રે-અજિત૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**અજિત** જિનેસર સાહિબાજી, **વિજયા** નંદન સ્વામી
બલિહારી તુમ્હ નામથીજી, મા તજી તાડી આમ
જયંકર ! સાંભળ માહરી વાત, સાર કરો મુજ તાત.-જયંકર૦(૧)
નિજ જીવિત પરિપાલવાજી, વરતે જગતે અનેક
પરજીવિત પરિપાલવાજી, દીઠો તું જગે એક-જયંકર૦(૨)
નાથ થઈ અનાથનીજી, જો નવિ જાણે પીડ
વચને દાખવતાં છતાંજી, તો શું ભાંજે ભીડ-જયંકર૦(૩)

કહેતાં લાગે કારમોજી, જીવન તું છે ઈશ
મન મારે નિશ્ચય કીયોજી, સાહિબ વિસવાવિસ.-જયંકર૦(૪)
દાન દીયો દોલત મને જી, વાંછિતની બક્ષીશ
**વિમલ** વધારો આપણોજી, જશ વાજે જગદીશ-જયંકર૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

## (દેશી વીંછીયાની)

શારદ સાર દયા કરી, માત આપો અવિરલ વાણી હો
બીજો જિન મનમાં વસ્યો, ગુણ ગાઉં ગુણમણિ ખાણી હો -મન૦ (૧)
**મનમોહન** જિનજી મન વસ્યો, **વિજયા** રાણીનો નંદ હો
સોભાગી મહિમાનિલો, મનવંછિત સુરતરૂકંદ હો -મન૦(૨)
ચઉસય પચાશ ધનુષનું, દેહમાન સોવન્ન સમાન હો
બહુત્તર લાખ પૂરવતણું, આઉ પુણ્ય નિધાન હો -મન૦ (૩)
મુખ શારદકો ચંદલો, ગતિ જીત્યો તેં ગજરાજ હો
જાણું ચરણ-સરણ આવી વીનવે, પશુદોષ હરો જિનરાજ હો -મન૦ (૪)
મોહન મૂરતિ તાહરી, સુખદાઈ નયનાનંદ હો
જોતાં તૃપ્તિ ન પામિએ, જિમ ચતુર ચકોરા-ચંદ હો -મન૦(૫)
સાચો સયણ તું માહરે, તાહરે દિલ હોય ન હોય હો
મુજ સરીખા તુજ લાખ છે, પણ મુજ મન અવર ન કોય હો -મન૦ (૬)
મિત્ર એક તું માહરે, તુજ દીઠે પરમાણંદ હો
**મેરૂવિજય** ગુરૂરાજનો, શિષ્ય **વિનીત** કહે ચિરનંદ હો -મન(૭)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-ખમાચી)

તું ગત મેરી જાને, જિનજી-તું૦,
મેં તો જગવાસી પ્રભુ સહી દુખરાશિ, સો તો તુંમસે ન છાને-તું૦(૧)
સબ લોકન મેં જો જીઉકી સત્તા, દેખત દરિસન-જ્ઞાને-તું૦(૨)
ઈન કારન કહા તુમસેં કેહવો, કહીએ તોન સુનો કાને-તું૦(૩)
અપનોહીજ જાન નિવાજસ કીજે, દેઈ સમકિત દાને-તું૦(૪)
માનો **અજિતપ્રભુ** ! અરજ એ ઈતની, જ્યું **અમૃત** મન માને-તું૦(૫)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(રત્નચંદ્રકે બાગ આંબો મોરી રહ્યોરી-એ દેશી)

વંદુ અજિતજિણંદ[૧] મૂરતિ અવલ① બનીરી,
આવ્યો છું પ્રભુ પાસ, તારક બિરૂદ સુણીરી
જિતશત્રુનૃપજાત,[૨] વિજયામાત[૩] ભલીરી,
ગજ[૪] લંછન અભિરામ, દેખી આશ ફળીરી....॥૧॥
નગરી અયોધ્યા[૫] સ્વામી, કાયા કનક[૬] જિસીરી,
સેવકને એકવાર, દેખો નયન હસીરી
પૂરવ[૭] બહોતેર લાખ, જીવિત જાસ સુણુરી,
સાઢા[૮] ચ્યારશે ચાપ② દેહનું માન ભણુંરી....॥૨॥

પંચાણું [૯]ગણધાર, દીપે દેવ જિસારી,
વાચંજમ[૩] એક[૧૦] લાખ, માહરે હૃદય વસ્યારી
મહાજક્ષ[૧૧] મહિમાવંત, અજિતા[૧૨] નામે સુરીરી,
પૂજે પ્રભુના પાય, અહનિશ પ્રેમ ધરીરી....।।૩।।

સાહુણી [૧૩] ત્રણ લાખ, સાચી શીયલવતીરી,
ઉપર વીશ હજાર, હોજો તાસ નતિરી[૪]
વળગ્યો છું પ્રભુ પાય, કીજે સોહ ચડેરી;
બાંહ્ય ગ્રહ્યાની લાજ, એ છે રીત વડેરી....।।૪।।

પંચમકાળે નાથ પામ્યો, પુણ્ય ભરેરી[૫]
પંચમી-ગતિ દાતાર, પંચમ-જ્ઞાનધરેરી
**પ્રમોદસાગર** નમે પાય, વારંવાર લળીરી,
નિર્મલ સમકિત શુદ્ધિ, તુજથી થાય ભલીરી....।।પ।।

---

૧. શ્રેષ્ઠ ૨. ધનુષ્ય ૩. સાધુ ૪. વંદના ૫. સમૂહથી

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(લાછલ દે માત મલ્હાર-એ દેશી)

શ્રી **અજિત** અમિત ગુણધાર, સોભાગી સિરદાર,
આજ હો ! બારહ પરષદ આગળ ધર્મ કહે મુદાજી....॥૧॥
ધર્મ-તે જે સ્યાદવાદ, અનેકાંત અવિવાદ,
આજ હો ! મિથ્યાવાદ કુતર્ક-વિતર્ક નહીં કદાજી....॥૨॥
જિનનો એ વિધિવાદ, જિહાં નહીં હિંસા વિષાદ,
આજ હો ! ઉત્સર્ગે અપવાદે ભિન્નપણે કહેજી....॥૩॥
નિશ્ચય ને વ્યવહાર, સામાન્ય વિશેષ પ્રકાર,
આજ હો ! સાર વિચાર જિનાગમ તત્ત્વ તે સંગ્રહેજી....॥૪॥
એક આરંભે ધર્મ માને મિથ્યા ભર્મ,
આજ હો ! કર્મ બહુલસંસારી તે જિન ભાખીયોજી....॥૫॥
ધર્મ, મિશ્ર-આરંભ, એક કહે નિરારંભ,
આજ હો ! તે પણ દંભમતિ હઠ વાદીનો સાખીયોજી....॥૬॥
ધર્મ અધર્મ મિશ્રપક્ષ, જે જાણે તે દક્ષ,
આજ હો ! કર્મકક્ષને દહવા તેહ વિભાવશુંજી....॥૭॥
પહેલે સાધુ મહંત, બીજે મિથ્યા ભ્રાંત,
આજ હો ! ત્રીજે શાંત ગૃહસ્થ કુટુંબને પરવશુંજી....॥૮॥
એહવો સૂધો માર્ગ, સદ્દહે તે મહાભાગ,
આજ હો ! આગળ શિવસુખ સુંદર લીલા ભોગવેજી....॥૯॥
**વાઘજી** મુનિનો **ભાણ**, કહે સુણો ચતુર સુજાણ,
આજ હો ! તે સુખિયા જગ જે મારગ જોગવેજી...॥૧૦॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(આદિ તે અરિહંત અમઘેરે આવો રે-એ દેશી)

શ્રી **અજિત** જિનેશ્વરદેવ માહરો સ્વામી રે,
મેં પૂરવ પુણ્ય-પસાય સેવા પામી રે
મન-ચિંતિતનો દાતાર મુજને મળિયો રે,
હવે મિથ્યામતિનો જોર સહુયે ટળિયો રે....॥૧॥
તો સમ બીજો કોઈ દેવ માહરે નયણે રે,
નાવે ઈણ સંસારમાંહિ સાચે વયણે રે
તમે નિરાગી ભગવાન કરૂણા રસિયા રે,
આવીને મનડામાંહી ભગતે વસિયા રે....॥૨॥
**વિજયા** રાણીના નંદ મહેર કરજો રે,
**જિતશત્રુ** નૃપકુળચંદ દુરિત હરજો રે
મનમોહન શ્રી જિનરાજ કંચન કાયા રે,
અવલંબ્યા મેં મહારાજ તોરા પાયા રે....॥૩॥
ઈમ જાણીને જગદીશ મુજને તારો રે,
દુઃખ દારિદ્ર ભયથી નાથ મુને ઉગારો રે
ઝાઝી ઝાઝી શી વાત તુમને કહીએ રે,
પ્રભુ બાંહ્ય ગ્રહ્યાની લાજ હવે નિરવહિયે. રે....॥૪॥
તુમને છોડીને ઓર કેને જાચું રે,
જિન ! દાખો મુજને તેહ કહિયે સાચું રે,
**શ્રીઅખયચંદ સૂરીશ** ચરણ પસાયે રે,
**ખુશાલમુનિ** મન ખંત પ્રભુ ગુણ ગાયે રે....॥૫॥

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(સુત લાડકડા ઊઠ હો-એ દેશી)

મહીમાં[1] મહિમા ગાજતો-રાજિંદ મોરા, તુજ ગુણગણ વિખ્યાત હો ।
અનુભવ પ્રગટ્યો ચિત્તમાં-રા૦, ભાગી મુજ મન ભ્રાંત હો- સુગુણ સનેહી પ્યારો ।
મનનો મોહનગારો, સાહેબો-રા૦, જુહારો **અજિત** જિણંદ હો-સુ૦॥૧॥
ઇંદુ જિમ ગ્રહગણ માંહી-રા૦, [2]નિશિપતિ તેમ દિણંદ હો ।
દિનકર-ઉદયથી જિમ હોવે-રા૦, તિમ અનુભવથી મુણિંદ હો-સુ૦॥૨॥
મોંઘા [3]મૂલનો જે [4]કરી-રા૦, ચહે તુજ ચરણની સેવ હો ।
લંછન તેહ વિરાજતો-રા૦, જગત નમેં જસ દેવ હો-સુ૦॥૩॥
લીલાધર જગ જાણીયે-રા૦, લીલા લહેર કરંત હો ।
સકળ પદારથ જે હોવે-રા૦, તે મુજ પાસ વસંત હો-સુ૦॥૪॥
અજિત **અજિત જિન** વંદતાં-રા૦, કર કરૂણા ભગવંત હો, ।
ચરણ કમળની ચાકરી-રા૦, **ચતુર** તે માંગે સંત હો-સુ૦॥૫॥

---

૧. પૃથ્વીમાં ૨. ચંદ્રમાં ૩. કિંમતનો ૪. હાથી

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(દેખો ગતિ દૈવની રે-જો દેશી)

જ્ઞાનાદિક ગુણ સંપદા રે તુજ અનંત અપાર ।
તે સાંભળતાં ઉપની રે, રૂચિ તેણે પાર ઉતાર-
અજિત જિન ! તારજ્યો રે ! તારજ્યો દીનદયાળ-અજિત૦ ॥૧॥
જે જે કારણ જેહનો રે, સામગ્રી-સંયોગ ।
મિલતાં કારજ નિપજે રે, કર્તાતણે પ્રયોગ-અજિત૦ ॥૨॥
કાર્યસિદ્ધ કર્તા વસુ રે, લહી કારણ સંયોગ ।
નિજ-પદકારક પ્રભુ મિલ્યા રે, હોય નિમિત્તહ ભોગ-અજિત૦ ॥૩॥
અજકુળ[૧]-ગત કેસરી[૨] લહે રે, નિજ[૩]-પદ સિંહ નિહાળ ।
તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમ-શક્તિ સંભાળ-અજિત૦ ॥૪॥
કારણપદ કર્તાપણે રે, કરી આરોપ અ-ભેદ ।
નિજ-પદ અરથી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ-અજિત૦ ॥૫॥
અહવા પરમાતમ પ્રભુ રે, પરમાનંદ સ્વરૂપ ।
સ્યાદ્વાદ-સત્તા-રસી રે, અ-મલ અ-ખંડ અનૂપ-અજિત૦ ॥૬॥
આરોપિત સુખ-ભ્રમ ટલ્યો રે, ભાસ્યો અ-વ્યાબાધ ।
સમર્યો અભિલાષીપણો રે, કર્તા સાધન સાધ્ય-અજિત૦ ॥૭॥
ગ્રાહકતા સ્વામિત્વતા રે, વ્યાપક ભોક્તાભાવ ।
કારણતા કારજદશારે, સકળ ગ્રહ્યું નિજ-ભાવ-અજિત૦ ॥૮॥
શ્રદ્ધા ભાસન રમણતા રે, દાનાદિક-પરિણામ ।
સકળ થયા સત્તા-રસી રે, જિનવર દરસણ પામ-અજિત૦ ॥૯॥

તેણે નિર્યામિક-માહણો રે, વૈદ્ય ગોપ આધાર ।
**દેવચંદ્ર** સુખસાગરૂ રે, ભાવ-ધરમ-દાતાર-અજિત૦॥૧૦॥

૧. બકરીના ટોળામાં રહેલ ૨. સિંહ ૩. પોતાપણું

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (દેશી-વીંછીયાની)

**અજિત** જિનેસર આજથી, [૧]મુજ રાખજો રૂડી[૨] રીતિ રે લાલ ।
બાંહ્ય ગ્રહીને બહુ પરે, પ્રભુ ! પાળજો પૂરણ પ્રીતિ રે લાલ-અ૦॥૧॥
કામિત-કલ્પતરૂ સમો એ તો મુજ મન-મોહન-વેલી રે લાલ ।
અનુકૂળ થઈને આપીયે, અતિ અનુભવ રસ રંગરેલી રે લાલ-અ૦॥૨॥
મન મનોરથ પૂરજો, એ તો ભક્ત તણા ભગવંત રે લાલ ।
[૩]આતુરની ઉતાવળે [૪]ખરી મન કરી પૂરીએ [૫]ખાંત રે લાલ-અ૦॥૩॥
મુક્તિ મનોહર [૬]માનિની, વશ તાહરે છે વીતરાગ રે લાલ ।
આવે જો તે આંગણે, માહરે તે મોટે ભાગ્ય રે લાલ-અ૦॥૪॥
સિદ્ધિવધુ સહેજે મળે, તું હોજો તારક દેવ રે લાલ ।
કહે **જીવણ** જિન તણી, [૭]સખરી [૮]સઘવાથી સેવ રે લાલ,અ૦॥૫॥

૧. મને ૨. સારી રીતે ૩. ગરજવાનની ૪. સાચા મનથી ૫. ભાવનાએ ૬. સ્ત્રી ૭. શ્રેષ્ઠ ૮. બધા કરતાં

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (ચોપાઈ; ભીમપલાશ)

**અજિતનાથ** જગનાયક ! આજ, મહીયલ છો મોટા મહારાજ ।
[1]કહીયે છીયે ઈમ જાણી કાજ, લાલચવાળાને શી લાજ ? ॥૧॥

ખરો ખજાનો તાહરો [2]ખીસે, દેતા પણ તોટો નવિ દીસે ।
આવી ઉભો તિણ કારણ [3]ઓસીસે, મુંહ[4] ફાડી સાહિબ ! [5]માંગીશે ॥૨॥

આજ લગે રાખી [6]ઈકતારી, ગિરૂઆ છો પણ નવિ ગણકારી ।
વાત હવે ચિત્ત એમ વિચારી, બોલ્યા વિણ કુણ ખોલે બારી ? ॥૩॥

સેવક જો મન જાણો સારો, આપી નિજ-ગુણ પાર ઉતારો ।
તુજ સમ જો કો બીજો તારો, [7]લહિયે તો ગહિયે તસ [8]તારો ॥૪॥

[9]પાલવ વળગા જેહ પરાણે, તે કેમ છોડે છેડો તાણે ? ।
**દાનવિજય** પ્રભુ જો દિલ આણે, પહોંચે તો સવિ વાત પ્રમાણે ॥૫॥

---

૧. ઈમ જાણી કાજ કરીએ છીએ – આ રીતે અન્વય જાણવો. ૨. અખૂટ ૩. નજીક ૪. મોં પહોળું કરી = ખુલ્લા દિલથી ૫. માંગણી કરીશ ૬. એક રસવાળી પ્રીત ૭. મળે ૮. છેડો ૯. આપણી કેડે

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(શંખેશ્વર સાહિબ સાચો—એ દેશી)

જયકારી **અજિત**-જિનેશ, મોહન મન-મહેલ-પ્રદેશ,
પાવન કરીએ પરમેશ રે, સાહિબજી ! છો રે સોભાગી॥૧॥
સાહિબજી ! છો રે સોભાગી, તુજ સુરતિશું રતિ જાગી,
મુજ એક-રસે લય લાગી રે-સાહિબજી૦॥૨॥
જિનપતિ ! અતિશય[૧]-ઈતબારે, દેવ ! સેવક રહું દરબારે,
અવસર[૨] શિર કયું ન ચિંતા રે-સાહિબજી૦॥૩॥
ગુણવંતા ગરવ ન કીજે, હેતાલશું હેત ધરી જે,
પોતાવટ[૩] પેરે પાળીજે રે-સાહિબજી૦॥૪॥
તુમ બેઠા કૃતારથ હોઈ, સેવકનું કામ ન હોઈ,
તો પણ ન હુએ તુજ કાંઈ રે-સાહિબજી૦॥૫॥
સાહિબને ચાહીને જોવે, સેવક-જન નિજ શિર ઠોવે,
**મેઘ**ની સરસાઈ હોવે રે, સાહિબજી૦॥૬॥

---

૧. વિશ્વાસે ૨. આ અવસરે તમારે માથે કેમ ચિંતા નથી ? (ત્રીજી ગાથાની બીજી લીટીનો અર્થ)
૩. પોતાના માણસ

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(અનુમતિ દીધી રે માયે, રોવતા—એ દેશી)

મુજ અજિત-જિનેસર મન વસ્યો, જિમ કમલિની મન [1]રવિરાય ! ।
હાંજી ! મુખ દીઠે મન ઉલ્લસે જાયે પાતિક દૂર પલાય
-મુજ વ્હાલોજી અજિત-જિનેસરૂ !.॥૧॥

હાંજી ! મોહન મહીયલે દીપતો, પ્રભુ નાણ અનંત-પ્રકાશ ।
હાંજી ! મોહ[2] - તિમિર - ભર - ભંજણો,
કર ભવિયણ - કમલ - વિકાસ -મુજ૦॥૨॥

હાંજી ! અનુપમ અતિશય-[3]આગલો, પ્રભુ મહિમાવંત મહંત ।
હાંજી ! ગુણ ગાવે સુર જેહ તણા, પ્રણમી પૂજી ભગવંત-મુજ ૦ ॥૩॥

હાંજી ! ભવિ-જન-મન-સુખ કારણે, તું ઉદયો જિન જગ-ભાણ ! ।
હાંજી ! તુજ દરિસણથી સંપજે, મન-વંછિત ફળ મહીરાણ-મુજ ૦ ॥૪॥

હાંજી ! વિજયાનંદ વાલહો જિતશત્રુ-નૃપ-સુખ કંદ[4] ।
હાંજી ! કેશર કહે જિનરાજજી, દ્યો દરિસણ, મુજ સુખ કંદ-મુજ ૦ ॥૫॥

૧. સૂર્યરાજા ૨. મોહરૂપી અંધકારના સમૂહને દૂર કરનાર ૩. શ્રેષ્ઠ ૪. પુત્ર

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

(ઈડર આંબા આંબલી રે, ઈડર દાડિમ દ્રાખ-એ દેશી)

**અજિત**-જિણેસર ભેટિયો રે મન-મોહન મહારાજ ।
અલવેસર અરિહંતજી રે, ગિરુઓ ગરીબ-નિવાજ-
-સફલ મુઝ આજ થયો અવતાર ॥૧॥

[૧]કરૂણાકર ઠાકુર મિલ્યો રે, [૨]અડવડીયાં આધાર ।
મન-વંછિત સુરતરૂ ફલ્યો રે, જે પામ્યો પ્રભુ દીદાર —સફલ મુઝ૦॥૨॥

આજ પૂરવ-પુણ્યે કરી રે, મિલિયો મનનો મિત્ત ।
ચિત્ત ચરણે લાગી રહ્યું રે, અવર ન આવઈ ચિત્ત —સફલ મુઝ૦॥૩॥

મનુષ-જનમ ફલ પામીયો રે, જે નામિઓ પ્રભુ-પય સીસ ।
જો એ સાહિબ સુપ્રસન્ન હસ્યઈ રે,
તો કસ્યઈ [૩]સહી [૪]બગસીસ -સફલ મુઝ૦॥૪॥

ઈમ ઈકતારી આદરી રે, ધરતાં પ્રભુનું ધ્યાન ।
**કનકવિજય** કહે પામીએ રે, અવિચલ પદ સુખધામ-સફલ મુઝ૦॥૫॥

---

૧. કરૂણાનો ભંડાર ૨. રખડેલ-નિરાધારના ૩. ખરેખર ૩. બક્ષિશ=ભેટ

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (વૈદરભીશું મ્હારું મન વસ્યું—એ દેશી)

સાહિબ અજિત-જિનેસર મન વસ્યો, ઔર ન આવૈ [1]દાય હે !-સાહિબ૦।
સુંદર મૂરતિ ચિત્ત ચઢી, કહો કિમ છોડી જાય હે ! -સાહિબ૦॥૧॥

[2]વિજયા-ઉર-વર- **હંસલો**, મુઝ મન-માનસ-વાસ હે ! -સાહિબ૦।
કરૂણા-દિલ પ્રભુજી ! કરો, પૂરો અ-વિહડ આશ રે-સાહિબ૦॥૨॥

પર-ઉપગારે હો [3]આગલા, જે ગિરૂઆ ગુણવંત રે-સાહિબ૦।
પર-દુઃખ ભાંજૈ ભાવસ્યું, તે સુ-સનેહી સંત હે-સાહિબ૦॥૩॥

સુર-નર રાણા રાજિયા, સેવે બે કર જોડી હે-સાહિબ૦।
પ્રભુ-ચરણે ચાકર કરી, રાખો અંતર છોડી હે-સાહિબ૦॥૪॥

સાહિબ ! ભય-ભંજન ભગવંત છો, ગુણ-નિધિ ગરીબ-નિવાજ હે-સાહિબ૦।
**રૂચિર** પ્રભુજીસું વિનતિ, પૂરો વંછિત-કાજ હે-સાહિબ૦॥૫॥

---

૧. અનુકૂળ ૨. પ્રભુજીની માતાનું નામ ૩. હોશિયાર

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(રાગ રસિયાની)

[1]વિજયા-નંદન મુઝને વાહલો,
જીવ-સમો જિનરાજ-મોરા વાલમા ! ।
પંથ દેખાડે મુગતિનો [2]પાધરો, કરે મન વંછિત કાજ-મોરા૦।।૧।।

મુઝ રંગ લાગો **અજિત-જિણંદસ્યું**, હીયડે બેહું રે હેજ-મોરા૦।
[3]કહીઇ ન વાલો [4]વિસરાઇ પડઇ, નિત વસઇ ચિત્તનઇ રે સેજ-મોરા૦।।૨।।

જેહવો બાહિર-રૂપે [5]ફૂટરો, તેહવા ગુણ અંતરંગ-મોરા૦।
નય વ્યવહાર-નિશ્ચય બેહુ [6]પરીકઇં, નિરદૂષણ ગુણ-સંગ-મોરા૦મુઝ૦।।૩।।

કાચની [7]કરચીઇ તે રાચે નહીં, જે [8]હલ્યું હીરે રે ચિત્ત-મોરા૦।
ગુણ દેખીને જે [9]ગહિલું થયું, બીજે ન બાંધઇ તે પ્રીત-મોરા૦મુઝ૦।।૪।।

જિમ ચંદાથી ન જુદી ચાંદની, જિમ વલી ફૂલથી બિંટ-મોરા૦।
તિમ જિનરાજથી જૂદી નવિ રહે, રૂડી મ્હારી મનડાની મીંટ-મોરા૦મુઝ૦।।૫।।

સ્વારથ વિણ ઉપગારી સહજથી, ત્રિણ ભુવનનો રે તાત-મોરા૦।
**શ્રી ભાવપ્રભસૂરિ** જિનરાજનું, ધ્યાન ધરે દિન-રાત-મોરા૦મુઝ૦।।૬।।

---

૧. પ્રભુજીની માતાનું નામ ૨. સીધો ૩. ક્યારેય પણ ૪. ભૂલાતા નથી, ૫. સુંદર ૬. આધારે
૭. નાના કકડાથી ૮. ભળ્યું ૯. ઘેલું

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ-એ દેશી)

અજિત-જિનેસર વાલ્હા ! હો ! રાજ !
આતમના આધાર-મોરા સાહિબા ! શાંત-સુધારસ-દેશના હો ! રાજ !
ગાજે જેમ જલધાર-મોરા૦ -અજિત૦ ।।૧।।

ભવિજન-સંશય ભાંજવા હો ! રાજ ! તસ અભિપ્રાયનો જાણ-મોરા ૦ ।
મિથ્યા-તિમિર ઉચ્છેદવા હો ! રાજ ! ઉગ્યો અભિનવ-ભાણ-મોરા૦
— અજિત ૦ ।।૨।।

સાર્થવાહ શિવ-પંથનો હો ! રાજ ! ભવોદધિ-તારણહાર-મોરા ૦ ।
કેવલજ્ઞાન-દિવાકરૂ હો ! રાજ ! ભાવ-ધરમ-દાતાર-મોરા ૦
—અજિત ૦ ।।૩।।

ક્ષાયિક-ભાવે ભોગવે હો ! રાજ ! અનંત-ચતુષ્ટય સાર-મોરા ૦ ।
ધ્યેયપણે હવે ધ્યાવતાં હો ! રાજ ! ધ્યાયક થાયે નિસ્તાર-મોરા૦
-અજિત ૦ ।।૪।।

વસ્તુ-સ્વભાવને જાણવે હો ! રાજ ! આતમ-સંપદ ઈશ-મોરા ૦ ।
અષ્ટ-કરમના નાશથી હો ! રાજ !, પ્રગટ્યા ગુણ એકત્રીશ-મોરા૦
-અજિત ૦ ।।૫।।

વિજયા-નંદન એમ થુણ્યા હો ! રાજ ! જિતશત્રુ-કુલ-દિનકાર-મોરા ૦ ।
કંચન-કાંતિ સુંદરૂ હો ! રાજ ! ગજ-લંછન સુખકાર-મોરા ૦
—અજિત ૦ ।।૬।।

સમેતશિખર સિદ્ધિ વર્યા હો ! રાજ !, સહસ-પુરૂષની સાથ-મોરા ૦ ।
ઉત્તમ-ગુરૂ-કૃપા-લહેરથી હો ! રાજ !, રતન થાસે સ-નાથ-મોરા ૦
—અજિત ૦ ।।૭।।

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(નવા નગરનઈ ગુંદરઈ રે પોઠી પડ્યા પંચાસ-એ દેશી)

**અજિત**-જિણંદને [૧]ઓલગું રે, [૨]ઓલગડી અવધારિ-વાલ્હા-
તું સાહિબ ભલે ભેટિયો રે ।
ભવ-અટવીમાં હું ભમ્યો રે, ભૂલો ભરમ-અંધાર-વાલ્હા ! તું૦॥૧॥

ચાર વિષમ વન તેહમાં રે અતિ-મોટાં અસરાલ-વાલ્હા ! તું૦....
લાખ-ગમે દુઃખ-રૂખડાં રે, જન્મ-મરણ જંજાલ-વાલ્હા ૦ તું૦॥૨॥

લાખ ચોરાશી જીવ ખાણમાં રે, ભમતાં નાવે પાર-વાલ્હા ! તું૦....
મોહે છાયો મારો પ્રાણીઓ રે, ન લહું મારગ સાર-વાલ્હા ! તું૦॥૩॥

કરૂણા કરી હવે કીજીઇ રે, દીન તણો ઉધ્ધાર-વાલ્હા ! તું૦....
ચરણે રાખો આપણો રે, જીવન જગ-આધાર-વાલ્હા ! તું૦॥૪॥

ભગત-વત્સલ ભગવંતજી રે, પ્રભુજી ! પરમ-કૃપાલ-વાલ્હા ! તુ૦....
**માણેક મુનિ** ઇમ વિનવઇ રે, દીજે મંગલ-માલ-વાલ્હા ! તું૦॥૫॥

---

૧. સેવા કરું ૨. સેવા

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (સિદ્ધાચલ વંદો રે નરનારી—એ દેશી)

**અજિતજિન** ! તેરી રે બલિહારી ! **બલિહારી** ! **બલિહારી**-અજિત જિન૦।

છિનમેં મોહ-કરમ-દલ જીતી, નામ અ-જિત જયકારી -અજિત૦।

નામ જિસ્યા ગુણ અતિશય પ્યારે, ઈતિ-તતિ ઉપદ્રવ વારી-અજિત૦॥૧॥

વિમલ જીવ વર થાનક સેવી, લહ્યું વિજય-વિમાન સુખ ભારી-અજિત૦।

જગ અનુકંપા ધરી અયોધ્યા મેં, થયો નરવર દેવ-અવતારી-અજિત૦॥૨॥

જનમ્યા રોહિણીએ વૃષરાશિ, ત્રિભુવન-જનકે ઉપગારી-અજિત૦।

માનવગણ છાજેં અહિ જોનિ, અડ-સહસ-લક્ષણ તન ધારી-અજિત૦॥૩॥

બાર વરસ છદ્‌મસ્થ વિભુજી, પાલી મૌનપણે અ-વિકારી-અજિત૦।

સપ્તપર્ણ તરૂ હેઠળ પાયો, નિરમલ કેવલ સુખકારી-અજિત૦॥૪॥

એક હજાર મુનીસર સંગે, વરી નિરલંછન શિવ નારી-અજિત૦।

ચઉદ રાજ લોકંતરે **દીપેં**, આતમ-ગુણ ઋદ્ધિ ભોગે સારી-અજિત૦॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

હિવ બીજઉ રે, અજિત જિણેસર સંથુણ્યો,
ચવી આયો રે, વિજય વિમાણ થકી ભણઉ (૧)
અયોધ્યાપુરી રે (૨) જિયસત્તુ રાજિયઉ (૩)
સિરિ વિજયા રે (૪) રોહિણી [1]રિખઇં જનમિયઉ (૫) ॥૧॥
(૫) જનમિયઉ જિન વૃષ રાશિ
(૬) લંછણ હત્થિ સેવઇ પાઉય (૭) સય [2]સઙ્ઢચઉ ધણુ તણું (૮)
બહુત્તારે લાખ પુવ્વહં આઉય (૯)
લખ કોડિ [3] પન્ના [4]અયર અંતર આદિ-અજિત જિણદુય
(૧૦) [5]હેમંગ (૧૧) દીક્ષા (૧૨) છઠ તપ કરી
અયોધ્યા આણંદુય (૧૩) ॥૨॥
સત્તાવન્નઉ રે ચેઇય [6]તરૂવર (૧૪)
ગણહરૂ પંચાણું રે (૧૫) કેવલ સાકેતઇં વસુ (૧૬)
ઇગ લખા રે સાહુ (૧૭) સાહુણી ઇમ કહીતી,
સહી સહસ રે લખ તિગ (૧૮) ગહગટી ॥૩॥
સાવય દુન્નિ લખા સહસ અઠાણું ભલા (૧૯),
[7]નિવથંભ દત્તઈદિયઉ પારણ સુખ પામ્યા નિરમલા (૨૦) ।
પણયાલ સહસા પંચ લખા સાવિઆ ગુરૂ સંપયા (૨૧)
મહ જક્ખ (૨૨) અજિયા દેવી સેવિઅ (૨૩)
સિદ્ધ સંમેતઇ (૨૪) થયા ॥૪॥

૧. નક્ષત્રમાં ૨. સાડા ચારસો ૩. પચાશ ૪. સાગરોપમ ૫ કંચન વર્ણ શરીર ૬. સપ્તપર્ણ નામનું ઝાડ ૭. અયોધ્યામાં ૮. રાજાઓમાં સ્તંભ સમાન=શ્રેષ્ઠ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (શ્રી પંચાસરો પાસજી રે લાલ-એ દેશી)

શુભ-ભાવે કરી સેવઇં રે લાલ, બીજા **અજિત-જિણંદ**-ભવિ પૂજો રે ।
મંગલ-માલા જેહથી રે લાલ, હોવે અતિ-આણંદ-ભવિ પૂજો રે -
-વંદન માહરી જાણજયો રે લાલ..॥૧॥

**અયોધ્યાનગરી** ભલી રે લાલ, **જિતશત્રુ** નૃપ તાત-ભવિ૰ ।
**અજિત** જિણેસર જનમિયા રે લાલ, વિજયા રાણી માત-ભવિ૰વંદન૰॥૨॥

ઇક્ષ્વાગ-વંશે ઓપતા રે લાલ, દેવ સકલ-સિરદાર-ભવિ૰ ।
પૂરવ દિશે જીમ ઊગીઓ રે લાલ, દિનકર તેજ અપાર-ભવિ૰ વંદન૰॥૩॥

દેવ દૂજો નહીં એહવો રે લાલ, સમોવડ ઇણે સંસાર-ભવિ૰ ।
તસ પદ-ભક્તિ ભલી પરે રે લાલ, ભાવ સહિત ચિત્ત ધાર-ભવિ૰વંદન૰॥૪॥

[1]લટ ભાવથી ભમરી હુવે રે લાલ, ભમરી-ભય સંભાર-ભવિ૰ ।
મન સ્મરણ મહારાજનું રે લાલ, કરતાં લહે ભવ પાર-ભવિ૰વંદન૰॥૫॥

જિનજીઇં જિમ જીતીઆરે લાલ, રાગ-રોષ રિપુ-સેન-ભવિ૰ ।
જીતીઇ તાસ સહાયથી રે લાલ, લહિઇં શિવ-સુખ-ચૈન-ભવિ૰ વંદન૰॥૬॥

ઇમ જાણી જિનરાજની રે લાલ, દ્રવ્ય-ભાવ ભરપૂર-ભવિ૰ ।
પૂજા પરમાતમ તણી રે લાલ, આપે સુખ સ-[2]સનૂર-ભવિ૰ વંદન૰॥૭॥

નિજ-પદ-દાયક જિન તણી રે લાલ, ધારો અખંડિત આણ-ભવિ૰ ।
**સ્વરૂપચંદ** ભાવે કરી રે લાલ, એમ પયંપે ઠાણ-ભવિ૰ વંદન૰॥૮॥

---

૧. ઇયળ ૨. સંપૂર્ણ

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

**અજિત**-જિન ! તુમ શું પ્રીતિ બંધાણી-અજિત૦।।
**જિતશત્રુ**-નૃપ-નંદન [1]નંદન, ચંદન-શીતલ વાણી-અજિત૦।।૧।।
[2]માત-ઉદર વસતે પ્રભુ ! તુમચી, અચરિજ એક કહાણી ।
સોગઠ-પાશે રમતે જીત્યો, પ્રીતમ વિજયા-રાણી-અજિત૦।।૨।।
તું હી નિરંજન રંજન-જગ-જન, તું હી અનંત-ગુણ-ખાણી ।
પરમાનંદ પરમ-પદ-દાતા, તુજ-સમ કો નહિં નાણી ! - અજિત૦।।૩।।
ગજ-લંછન કંચન-વાન-અનુપમ, માનું સોવન[3] - પિંગાણી ।
તુજ વદન પ્રતિબિંબિત શોભિત, વંદત સુર ઇંદ્રાણી-અજિત૦।।૪।।
અજિત - જિનેશ્વર ! કેશર-[4]ચરચિત, કોમલ કમલ-સમ-પાણી ।
**જ્ઞાનવિમલ**-પ્રભુ-ગુણ-ગુણ ભણતાં,શિલ(શિવ)-સુખ-રયણની ખાણી-અજિત૦।।૫।।

---

૧. મનને પ્રસન્ન કરનાર, ૨. ગર્ભાવાસમાં રહ્યા, ૩. સોનાથી રંગ્યા હોય તેમ, ૪. પૂજાએલ - વિલેપાયેલ

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-વિલાસ)

**સુણ** ત્રિભુવનકે રાય ! **અજિત**-જિનેસર સ્વામી ।
પ્રભુ ! મોહે તારો દુઃખ નિવારો, કીજે શિવપુર ગામી-સુણ૦॥૧॥
કાલ અનાદિ ભમત મેં ન લહ્યો, નિજ-અનુભવ હિતગામી ।
[1]પર-પરિણતિસોં માચી રહ્યો નિત, જાણ્યો ન અંતરજામી-સુણ૦॥૨॥
પરમ-પુરૂષ તું હી પરમેસર, પુન્યે તોરી સેવા પામી ।
અબ [2]ભ્રમભાવ-[3]મિટાવ કરો સબ, **ગુણવિલાસ** જસ નામી-સુણ૦॥૩॥

---

૧. પુદ્ગલભાવની પરિણિતિ સાથે ૨. ભ્રમણાના વિચારો ૩. દૂર

## કર્તા : શ્રી જગજીવનજી મ.

**અજિત**-જિનેસર સેવીયેં રે-પ્રભુ વાલાજી,
તું તો અજિતકરણ જગદેવ-જિન લટકાલાજી ।
ભવભ્રાંતિ ભમતાં થકાં રે-પ્રભુ વાલાજી,
શુભ લાધી જિનવર-સેવ-જિન લટકાલાજી...॥૧॥
મનમોહન મહારાજશું રે-પ્રભુ વાલાજી,
મુઝ મિલવા મનોરથ થાય-જિન લટકાલાજી ।
નિ-રાગીસૂં નેહલો રે-પ્રભુ વાલાજી,
કહો કિણિ પરિ કીધો જાય ? - જિન લટકાલાજી...॥૨॥
પતિત-પાવન જિન જાણીયે રે-પ્રભુ વાલાજી,
ભવ-તારણ-તરણ-જહાજ-જિન લટકાલાજી ।
ચાકર ચૂકે ચાકરી-રે પ્રભુ વાલાજી,
જિન બાંહિ ગ્રહ્યાની લાજ-જિન લટકાલાજી...॥૩॥

[1]વિષય-વિ-મન [2]રૂપ વાસીયા રે-પ્રભુ વાલાજી,
[3]અલિ ! દીઠા દેવ અનેક-જિન લટકાલાજી ।
તુઝ વિણ મન માંને નહીં રે-પ્રભુ વાલાજી,
એહવી ભવ-ભવ મુઝ મન-ટેક-જિન લટકાલાજી...॥૪॥
ખીર સાગર[4] વન સ્વાદીઓ રે-પ્રભુ વાલાજી,
[5]દધિ [6]લવણ ભુવન ન સુહાય-જિન લટકાલાજી ।
નંદનવન રમ્યા આનંદશું રે-પ્રભુ વાલાજી,
થિર મન ન કરીર[7]-વન થાય-જિન લટકાલાજી...॥૫॥
વિનય યુગતિ કરી વિનતી રે-પ્રભુ વાલાજી,
કૃપાનિધિ જાણી વયણ કહાય-જિન લટકાલાજી ।
પોર ચોમાસું અતિ ઉમંગે રે-પ્રભુ વાલાજી.
ગણી **જગજીવન** ગુણ ગાય-જિન લટકાલાજી...॥૬॥

---

૧. વિષયોથી વિચિત્ર છે મન જેનું ૨. રૂપથી ખેંચાયેલ ૩. હે સખિ ! ૪. ખીરસમુદ્ર પાણી
૫. સમુદ્ર ૬. ખારો ૭. કેરડાનું વન

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ ભૈરવ)

સ્વામી **અજિત**-જિન સેવે ન ક્યું, જો તું ચાહે **શિવ-પટરાણી** ।
ઓર સકલ તજી [1]કથા [2]વિરાણી, અહનિશ કીજીયે પ્રભુજીકી કહાણી
-સ્વામી૦॥૧॥

ભવ-વન [3]સઘન અગ્નિ પ્રજલાણી, મિથ્યા-રજ-[4]વ્રજ પવન ઉડાણી।
જૈસે તૈલ પીલનકું ઘાણી, તૈસે કરમ પીલણ પ્રભુ-વાણી
-સ્વામી૦॥૨॥

ક્રોધ-દાવાનલ [5]પાવસ પાણી, ઉજ્વલ નિરમલ ગુણ-મણિ-ખાણી ।
કહે **જિનહર્ષ** ભગતિ મન આણી, સાહિબ ! દ્યો અપની [6]સહીનાણી
-સ્વામી૦॥૩॥

---

૧. વાતો ૨. અશુભ ૩. ગાઢ ૪. સમૂહ ૫. ચોમસાનું ૬. નિશાની

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

### (રાગ-કાંફી)

**અજિતદેવ** મુજ વાલહા ! જ્યું મોરા મેહા ।
જ્યું મધુકર મન માલતી, પંથી મન ગેહા-અજિત૦॥૧॥

મેરે મન તું હી રૂચ્યો, પ્રભુ કંચન-દેહા ।
હરિ-હર-બ્રહ્મ-પુરંદરા, તુજ આગે કેહા ?-અજિત૦॥૨॥

તું હી અ-ગોચર કો નહીં, સજ્જન ગુન રેહા ।
ચાહે તાકું ચાહિયે, ધરી ધર્મ-સ્નેહા-અજિત૦॥૩॥

ભગત-વચ્છલ જગતારનો, તું બિરૂદ વહે હા ।
વીતરાગ હુઉ વાલહા, કયું કરી દ્યો છેહા ? - અજિત૦ ॥૪॥

જે જિનવર હૈ ભરતમેં, ઐરવત વિદેહા ।
જસ કહે તુજ પદ પ્રણમતેં, સબ પ્રણમે તેહા-અજિત૦ ॥૫॥

# શ્રી અજીતનાથ ભગવાનની થોય


## શ્રી પદ્મવિજયજી કૃત થોય

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો,
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરિંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરિંદો,
લહો પરમાણંદો, સેવના સુખ કંદો.

## શ્રી વીરવિજયજી કૃત થોય

જબ ગરભે સ્વામી, પામી વિજયા નાર[૨];
જીતે નિત્ય પિઉને, અક્ષક્રીડન[૧] હુશિયાર;
તિણે નામ અજિત છે, દેશના અમૃતધાર;
મહાજક્ષ અજિતા, વીર વિઘન અપહાર

૧. પાસાની રમત રમવામાં



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી અજિતનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : જીતશત્રુ | માતાનું નામ | : વિજયા |
| જન્મ સ્થળ | : અયોધ્યા | જન્મ નક્ષત્ર | : રોહિણી |
| જન્મ રાશી | : વૃખ | આયુનું પ્રમાણ | : ૭૨ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૪૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ વર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ |
| છદમસ્થ કાળ | : ૧૨ વર્ષ [illegible] | દીક્ષા વૃક્ષ | : આંબ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૯૫ | [illegible] | અયોધ્યા |
| સાધુઓની સંખ્યા | : ૧,૦૦[illegible] | [illegible] | [illegible]૩૦,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૯[illegible] | [illegible] | [illegible],૪૫,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : મહા[illegible] | [illegible] | અજીતબલા |
| પ્રથમ ગણધરનું નામ | : સિંહસેન | પ્રથમ આર્યાનું નામ | : ફાલ્ગુ |
| મોક્ષ આસન | : કાયોત્સર્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : વૈશાખ સુદિ ૧૩ | જન્મ કલ્યાણક | : મહા સુદિ ૮ |
| દીક્ષા કલ્યાણક | : મહા સુદિ ૯ | કેવલજ્ઞાન કલ્યાણક | : પોષ સુદિ ૧૧ |
| મોક્ષ કલ્યાણક | : ચૈત્ર સુદિ ૫ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩